***નવદીક્ષિત પુરોહિત વહાલા સુનિલ, એનાં માતા-પિતા મારા અનુજ સેમ્યુએલ, જુલીબેન, અમારાં પરિવારજનો અને અત્રે ઉપસ્થિત ફાધર સુનિલના સહુ શુભેચ્છકો, સાથીઓ અને મિત્રો,***

કાલે દીક્ષાવિધિમાં ઉદ્‌ઘોષક ફાધર અશોકના સૂચવ્યા મુજબ મા.બીશપના શ્રીમુખેથી પ્રીસ્ટહુડ, પુરોહિત, તેમની ફરજો, ધર્મજનોની ભૂમિકા વગેરે વિષયે વિસ્તૃત છણાવટ કરતો લાંબો અને પ્રેરણાદાયક બોધ સાંભળીને આપણે ધન્યતા અનુભવી એટલે મારે આજે એમાં કંઈ ઉમેરવાનું રહેતું નથી, અલબત કંઈ ઉમેરવું પણ નથી. ગઈ કાલે દીક્ષાવિધિમાં હાજર રહેલા એક મિત્રએ મને સૂચન પણ કર્યું છે કે, ફાધર વિલિયમ, તમારે આજે બોલવાનું છે, તો બોલજો, તમારો અધિકાર છે, પણ લાંબુ ના કરતા. એ મિત્રને અને આપ સહુને હું ખાતરી આપું છું કે લાંબુ નહિ કરું. જોકે આજનો આ પ્રસંગ નવદીક્ષિત ફાધર સુનિલનો પ્રથમ ખ્રિસ્તયજ્ઞ, બહુ મહત્ત્વનો છે અને એમાં ભાગ લેવા ફાધર સુનિલના સહુ મિત્રો, શુભેચ્છકો અને ખાસ કરીને તો અમારા પરિવારનાં સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત છે એ બધું લક્ષ્યમાં લઈ લાંબુ તો નહિ પણ થોડુંક પહોળુ તો કરવું જ પડશે.

ફાધર સુનિલને ભણાવનાર અધ્યાપકો, બ્રધર તરીકે જ્યાં નિમણુંક થયેલી ત્યાંના એમના જેસુઈટ સાથીઓ અને ફાધર સુનિલના સહાધ્યાયીઓ જ્યારે પણ મને ક્યાંક મળે ત્યારે મને અચૂક કહેતા કે ફાધર વિલિયમ, સુનિલ તમારો ભત્રીજો બહુ હોશિયાર છે, ટેલેન્ટડ છે, એનામાં ઘણી આવડત છે વગેરે વગેરે. આવું મેં એકવાર નહિ, ઘણી વાર સાંભળ્યું છે. કાકા તરીકે સ્વાભાવિક છે કે મને આવું સાંભળવાથી ઘણી ખુશી થાય, હકીકતે થાય જ છે. પણ એની સાથે સાથે મને ચિંતા પણ થતી હતી અને થાય છે. મેં એકાદ વખત ફાધર સુનિલની સમક્ષ એ વ્યક્ત પણ કરી છે. ઠીક, આજે હું જે કંઈ બોલવાનો છું તે હકીકતે મારી ચિંતાઓ અલબત સુનિલ પ્રત્યેની મારી અને સૌની અપેક્ષાઓ વ્યક્ત કરી રહ્યો છું. જેસુઈટ પુરોહિત તરીકેનાં મારાં લાંબાં વર્ષો દરમ્યાન મેં ફાધર સુનિલ જેવા ટેલેન્ટડ યુવાન જેસુઈટોને તેમની પુરોહિત દીક્ષા બાદ વરસો લગી ચીલાચાલુ પ્રવૃત્તિઓ અર્થાત રગશિયું ગાડું ચલાવતા જોયા છે. એમના દ્વારા કશું જ નવું નહિ, કશું જ મૌલિક નહિ પણ એનું એ જ. પેલા ઘાણીના બળદિયા જેવા એક જ માર્ગમાં ફર્યા કરે. કોઈકે બહુ સરસ રીતે કહ્યું છે કે, 'જે કાંઈક તોડી શક્યા છે તે જ સાચા ધાર્મિકો. બાકીના તો બધા ટીલાં ટપકાંવાળા.' મારી ચિંતાઓનું એક મુખ્ય કારણ આ છે કે ફાધર સુનિલ ટીલાં ટપકાંવાળો ના બની રહે. આ સંદર્ભે મને કેટલીક બાબતો મહત્ત્વની લાગે છે જે અહીં તેમની સમક્ષ,આમ તો વડીલ તરીકે મારી ફરજ અને અધિકાર હોવા છતાં, કોઈ પ્રકારની સલાહ કે શીખામણ તરીકે નહિ, પણ વિચારભાથુ તરીકે પીરસવાની ઈચ્છા છે.

***૧. અહીં મને શુભસંદેશમાંથી એક પ્રસંગ યાદ આવે છે.*** ઈસુ ઉપદેશ કરતા ફરતા હતા ત્યારે એક દિવસ એમના શિષ્યો સાથે પિત્તરની સાસરીમાં આવી ચડ્યા. ઘરમાં પ્રવેશ્યા ત્યારે જોયું કે પિત્તરનાં સાસુને તાવ આવ્યો હતો ને ઉઠાતું નહોતું. ઈસુએ તેમના માથા ઉપર હાથ મૂકીને તાવ મટાડી દીધો. ડોશી ખાટલામાંથી ઉઠ્યાં, ઈસુને પગે લાગ્યાં ને સીધાં ગયાં અંદરના ઓરડામાં ચૂલો સળગાવવા. (અહીં રસપ્રદ બને તેવું પ્રસંગનું વર્ણન કરવું !). ઠીક, આ તો થયું પ્રસંગનું વર્ણન. પણ અહીં એક અતિ મહત્ત્વની ઘટના બની તેના પ્રત્યે મારે આપ સહુનું ધ્યાન દોરવું છે.પિત્તરની સાસુને ઈસુની સેવાનો લાભ મળ્યો તો એમણે ઈસુ તથા તેમના શિષ્યોની સેવા કરવા માંડી. એમને ના પાડી તોયે સેવા કરવાનો આગ્રહ તેમણે રાખ્યો. મહત્ત્વનું કંઈક બન્યું હોય તો તે આ હતું. ઈસુની સેવાએ પિત્તરની સાસુમાં સેવા કરવાની ભાવના જગાડી, પ્રગટાવી. તો ઈસુની સેવા આવી હતી. એ બીજામાં પણ એટલે કે જેમને સેવાનો લાભ મળતો તે સેવાર્થીઓમાં-સેવાભાવના પેદા કરતી હતી. આપણી સેવા ઈસુના જેવી છે, તે સાચી છે કે નહિ, એ કેવી છે તે જાણવું હોય અને તેનું માપ કાઢવું હોય તો આ ચાવી છેઃ હું જેમની સેવા કરું છું તે સેવાર્થીઓમાં સેવાભાવના જાગે છે ? જો જાગતી હોય તો મારી સેવા સાચી, નહિ તો એ માત્ર ખાલી, ઠાલી પ્રવૃત્તિઓ. રવિશંકર મહારાજના શબ્દોમાં કહીએ તો આપણી સેવાપ્રવૃત્તિઓનું મૂલ્યાંકન તે પ્રવૃત્તિઓથી સદ્‌ગુણોનો વિકાસ કેટલો થાય છે એ ઉપરથી આપણે નક્કી કરવું જોઈએ.

ફાધર સુનિલ હવે સેવાપ્રવૃત્તિઓમાં ઝંપલાવશે. એમની સેવાની ગુણવત્તા-ક્વોલીટી જેમની સેવા તે કરવાના છે, જેમને એમની સેવાનો લાભ મળવાનો છે તે સેવાર્થીઓમાં પણ સેવાભાવના જાગે છે કે નહિ તેના પરથી નક્કી કરી શકાશે. આપણે પ્રાર્થના કરીએ કે ફાધર સુનિલની વિવિધ પ્રકારની લોકસેવા પ્રવૃત્તિઓ ઈસુની સેવા જેવી બની રહે.

(૨) ***બીજી એક એવી જ મહત્ત્વની બાબતઃ*** જેમાં સામાજિક સભાનતા એટલે કે અન્યોની ચિંતા અથવા બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક નિસબતનો અભાવ છે, જેના વિષે વાત જ થતી નથી કે જેનો ઉલ્લેખ સુદ્ધાં કરાતો નથી એવી હરેક પ્રકારની પ્રાર્થનાવિધિઓ, ભક્તિઓ, મેળાઓ, અધિવેશનો, કથાઓ, સત્સંગો, યાત્રાઓ (પગપાળા, લક્ઝરી બસો દ્વારા, ટ્રેન કે વિમાન દ્વારા) ઠાલી છે, બોગસ છે. એ સમયનો, સાધનોનો અને ઉર્જાનો માત્ર બગાડ છે. આવા કાર્યક્રમોનું જેઓ આયોજન કરે છે, તે સૌ આયોજકો -એ પુરોહિતો હોય કે ધર્મજનોઓ હોય- તેમનામાં સામાજિક નિસબતનાં દર્શન થતાં ના હોય, તેમનામાં એવી દૃષ્ટિ જ ના હોય અને જે ભક્તસમુદાયો હોંશે હોંશે આવા કાર્યક્રમોમાં ભાગ લે છે, તેમનામાં એના કારણે સામાજિક નિસબત પેદા ના થતી હોય તો એવી પ્રાર્થનાવિધિઓ, ભક્તિઓ, મેળાઓ, અધિવેશનો, કથાઓ, સત્સંગો, યાત્રાઓનો કશો અર્થ નથી. એવી પ્રવૃત્તિઓને ધાર્મિક પ્રવૃત્તિઓ કહી શકાય નહિ અને એવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પણ ન આપવું જોઈએ. શ્રદ્ધાળુઓના ધાર્મિક ઘડતર (ફેઈથ ફોર્મેશન) માટે જેમની જવાબદારી છે, જેઓ ને આ કામ સોંપેલું છે કે જેમણે એ સ્વીકાર્યું છે તેવા પુરોહિતોએ તો આ બાબતે ગંભીરતા પૂર્વક વિચારવું ઘટે જેથી ધાર્મિકતાની સાચી સમજણ બાબતે ગેરસમજ પેદા ના થાય અને એવી ગેરસમજ ઘર ન ઘાલી

જાય. આ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો કેટલા યોજ્યા અને તેમાં કેટલા લોકોએ ભાગ લીધો તેના આંકડા પરથી નહિ પરંતુ, એવા કાર્યક્રમોથી કેવી અને કેટલી સામાજિક નિસબત શ્રદ્ધાળુગણમાં પેદા થઈ અને તે ચાલુ રહે છે કે નહિ, તેના પરથી એની ધાર્મિકતા નક્કી કરવી જોઈએ. ગણતરીની દૃષ્ટિએ એવા કાર્યક્રમોની કિંમત હશે પણ ગુણવત્તાની દૃષ્ટિએ એનું લગીરે મૂલ્ય નથી. આપણે એ પણ યાદ રાખીએ કે જેમાં સામાજિક નિસબતનો અભાવ છે તેવી કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિનું ભવિષ્ય નથી. એ ટકવાની જ નથી. ઈસુના શબ્દોને યાદ કરીએ: " કયામતને દિવસે ઘણા મને કહેશે, પ્રભુ, પ્રભુ, અમે તમારે નામે નહોતા બોલ્યા? અને તમારે નામે અપદૂતો નહોતા કાઢ્યા? અને તમારે નામે અનેકાનેક ચમત્કારો નહોતા કર્યા ? (અહીં એ પણ ઉમેરીએ કે, આખી રાત હોંકારા કરીને આલ્લેલુયાથી દેવળ ગજવી દીધું નહોતું?, દર પ્રથમ રવિવારે ખંભોળજ તીર્થધામે અચૂક નહોતા ગયા? પગપાળા યાત્રાઓ નહોતી કરી ?) પણ ત્યારે હું તેમને રોકડું પરખાવીશ કે, હે અધર્મના આચરનારાઓ ! હું તમને ઓળખતો નથી, મારા મોં આગળથી દૂર ચાલ્યા જાઓ ! " (માથ્થી ૭:૨૧-૨૩) અને આ શબ્દો પણ યાદ કરીએ:

" આવો, મારા પિતાના આશીર્વાદ તમારા પર ઉતર્યા છે ! સૃષ્ટિના પ્રારંભથી તમારે માટે તૈયાર રાખેલું રાજ્ય ભોગવો ! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતુ, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું... ". ઈશ્વર આપણા ધર્મપાલનનું આ માપદંડથી જ માપ કાઢવાનો છે અને ન્યાય કરવાનો છે તે ખાસ યાદ રાખીએ.

(૩) ***ગાંધીજીએ કહ્યું છે કે, મારું જીવન મારો સંદેશ છે.*** માય લાઈફ ઈઝ માય મેસેજ. એક પુરોહિત કે યાજ્ઞિક કે જેના શિરે શ્રદ્ધાળુઓને ધાર્મિક દોરવણી આપવાની જવાબદારી મૂકાયેલી છે, એવી ભૂમિકા ભજવવાની જેમણે સંમતિ દર્શાવી છે અને સ્વેચ્છાએ એમાં સામેલ થયા છે તેમણે આ ખાસ યાદ રાખવું પડે. આપણે પોતાને શ્રદ્ધાળુઓના ધાર્મિક માર્ગદર્શકો કે પછી સહપાન્થીઓ માનતા હોઈએ કે એ રીતે આપણને ઓળખાવતા હોઈએ તો ***આપણું આદર્શ જીવન એ જ આપણો બોધ, પ્રબોધ, ઉપદેશ કે સંદેશ*** બની રહેવો જોઈએ. આપણે જાણીએ છીએ કે શબ્દો કે ઉપદેશ કરતાં ઉદાહરણ વધુ અસરકારક હોય છે.

આનો હું એટલા માટે ઉલ્લેખ કરું છું કે આપણે પુરોહિતો ઘણી વાર લેમેનો (ધર્મજનો) પછી એ યુવાવર્ગ હોય કે મોટેરાંઓ, તેમનામાં દેખાતાં યા ઘર ઘાલી ગયેલાં કેટલાંક દુષણોની જેવાંકે દારૂનું વ્યસન, ગુટકા, તમાકુ સેવન, દ્રવ્યલોભ, ઝગડાટંટા, નાતજાત કે લિંગના ભેદભાવ વગેરેની ટીકા કરીએ છીએ, તેને દૂર કરવા ઈચ્છતા હોઈએ છીએ અને તે હેતુસર પ્રયાસો આદરીએ છીએ. સારી વાત છે. ***તો એ દુષણો આપણામાં ના હોવાં જોઈએ.*** આપણા પોતાનામાં, એટલે કે આપણે પુરોહિતોમાં પણ એવાં દુષણો હશે અને શ્રદ્ધાળુઓને એનાં દર્શન થતાં હશે તો એને દૂર કરવાના આપણા બધા પ્રયાસો નાકામિયાબ નીવડવાના. અલબત, ત્યારે મારી જાતને ધર્મગુરુ કે સુધારક તરીકે ઓળખાવાનો, ગણાવાનો હું દાવો કરી શકું જ નહિ. મને જેમના આધ્યાત્મિક ઘડતરની જવાબદારી સોંપી છે અને જે મેં સ્વેચ્છાએ સ્વીકારી છે, તે શ્રદ્ધાળુઓ(પેરીશનર્સ)માં જે સદ્‌ગુણો અને સુટેવો મારે જોવી છે અને કેળવવી છે તે સુટેવો ને સદ્‌ગુણો સૌ પ્રથમ તો મારામાં હોવા જોઈએ અને એનાં દર્શન ધર્મજનોને સતત થવાં જોઈએ. અગાઉ મેં કહ્યું તેમ ઉપદેશ કરતાં ઉદાહરણ વધુ અસરકારક છે. ***મારું જીવન મારો સંદેશ*** બની રહેવું જોઈએ.

(૪) ***હવે મને ઘણી રમુજ પડી અને તમને પણ સાંભળવાની મઝા આવશે એવા એક પ્રસંગની ટૂંકમાં વાત કરી લઉં.*** એક દિવસ મને અહીં કંપાઉન્ડમાં એક કેથોલિક સજ્જન અહીં મળ્યા. મારા સહાધ્યાયી હતા. વાર્તાલાપ કરતાં તેમણે મને ભારે ઉત્સાહથી કહ્યું :"ફાધર, રીટાયર્ડ થયા પછી હું રોજ સવારે મિસમાં આ દેવળમાં આવું છું. સવારે ૬.૩૦ વાગે મિસ શરૂ થાય તે પહેલાં આવી જવાનું અને ૭ વાગે પૂરી થાય પછી જ પાછું જવાનું. આ રોજનું ટાઈમ ટેબલ છે. સવારે ૬.૩૦ વાગે મિસ શરૂ થાય છે અને ૭ વાગે પૂરી થાય છે." ઈન્ટરસ્ટીંગ ! ખરું થાય છે !

હું ઈચ્છું છું કે ફાધર સુનિલના કિસ્સામાં આવું ના બને કે એમની મીસ અમુક વાગે શરૂ થાય અને અમુક વાગે પૂરી થઈ જાય. મારી ઈચ્છા એવી પણ નથી કે એમની મીસ દેવળમાં પૂરી થઈ જાય. હું તો એવું ઈચ્છું છું કે એમની મીસ દેવળમાં જ પૂરી થઈ જવાને બદલે એ દેવળની બહાર નીકળે, રોજીંદા જીવનમાં એની વિવિધ ઘટનાઓ, સારામાઠા સંજોગો ને પ્રસંગો, જીવનમાં આવતી નાની મોટી કસોટીઓ અને સાદી યા જટિલ સમસ્યાઓમાં એ પ્રવેશે, એ દેખાય અને એની અસર પડે. જો ફાધર સુનિલની મીસ દેવળની અંદર શરૂ થાય અને બહાર નીકળવાને બદલે અંદર જ પૂરી થઈ જશે તો એવી મીસનો કોઈ અર્થ રહેશે નહિ. આપણે ફાધર સુનિલના સહુ મિત્રો, શુભેચ્છકો, પરિવારજનો એવી અપેક્ષા સેવીએ કે હવે પછી તેમની મીસ જેમને માટે તે કરે છે તે સહુના જીવનમાં ઊંડે ઊંડે વણાઈ જાય એવી હોય અને જ્યાં ત્યાં કે જ્યારે ત્યારે એ પૂરી થઈ જાય નહિ.

(૫) ***અને હવે છેલ્લે મને થયેલા એક બહુ જ સુખદ અને જેનાથી મને જીવનમાં સતત પ્રેરણા મળતી રહી છે*** તેવા એક અનુભવનો ઉલ્લેખ કરીને હું મારું વક્તવ્ય સમેટી લેવા માગુ છું. ***તમારે મને હવે વધારે ધ્યાનથી સાંભળવો પડશે.*** (ટૂકમાં આ પ્રસંગનું વર્ણન કરવું). ૧૯૭૩માં મને પુરોહિત દીક્ષા મળી તે પહેલાં એને માટે તૈયારી કરવા ગોવામાં અમે રીટ્રીટ કરવા માટે ગયા હતા. એ દિવસોમાં અમારા જેસુઈટ સંઘના વડા સ્વ.ફાધર પેદ્રો આરૂપે ત્યાં કોઈ મીટીંગો માટે આવ્યા હતા. એક દિવસ તે અમને બોધ આપવા આવ્યા. ઓલ્ડ ગોવામાં આવેલ સંત ફ્રાન્સીસ ઝેવિયરના ભવ્ય દેવાલયમાં ખ્રિસ્તયજ્ઞ રાખવામાં આવ્યો હતો અને સંત ફ્રાન્સીસ ઝેવિયરના મૃતદેહને પણ નીચે ઉતારીને વેદી સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ફાધર આરૂપેએ પોતાનો બોધ શરૂ કર્યો અને અમને કહ્યું : બ્રધર્સ હું તમને એક ખાસ સલાહ આપું છું અને તે આ છે: dream, dream, dream, for we don't dream enough; see St Francis Xavier when he was studying in Paris was dreaming...one day I will go to the Americas to India to Japan, to China and spread

the message of Christ. And you see one of his dreams came true. He came to India and spread the gospel message here. So dream dream dream...

અમારા જેસુઈટોના બહુ વહાલા સ્વ ફાધર આરૂપેએ મને જે સલાહ આપેલી એ જ સલાહ હું ફાધર સુનિલને પણ એના કાકા તરીકે આપું છું. કારણ એને ભગવાને ઘણી આવડત આપી છે અને એ ઘણો ઉત્સાહી છે. એ પણ મોટાં મોટાં, મહાન સ્વપ્નાં સેવે, મહત્ત્વકાંક્ષાઓ રાખે, કંઈક નવું, મૌલિક કરવાનો અભિગમ અપનાવે, એની પગદંડી પાડી પથદર્શક બને અને એ રીતે એના પુરોહિત જીવનની કારકિર્દીમાં મહાન સિદ્ધિઓને વરે ! આવી બધી મારી અંગત અને આપ સહુની શુભેચ્છાઓ એને પાઠવીને આ મારું વક્તવ્ય અહીં પૂરું કરું છું. પ્રેઈઝ ધ લોર્ડ ! આલ્લેલુયા!

(ફાધર સુનિલ મેકવાનના પ્રથમ ખ્રિસ્તયજ્ઞમાં આપેલો બોધ) ફાધર વિલિયમ

''કોઈ જૂના વસ્ત્ર ઉપર કોરા કાપડનું થીંગડુ મારતું નથી, કારણ એ થીંગડુ સંકોચાતાં વસ્ત્ર વધારે ફાટે છે અને કાણું ઊલટું મોટું થાય છે. એ જ પ્રમાણે જૂના કુપ્પામાં લોકો નવો દ્રાક્ષારસ ભરતા નથી. ભરે તો આસવ કુપ્પાને ફાડી નાખે છે અને આસવ અને કુપ્પો બંને નકામાં જાય છે. નવો આસવ નવા કુપ્પામાં.'' (માર્ક ૨:૨૧)

''કોઈ નવા વસ્ત્રમાંથી કાપીને જૂના વસ્ત્ર ઉપર થીંગડુ મારતું નથી. જો કોઈ એમ કરે તો નવા વસ્ત્રમાંયે કાણુ પડે અને નવા વસ્ત્રમાંના થીંગડાનો જૂના સાથે મેળ ન ખાય. તે જ પ્રમાણે, કોઈ જૂના કુપ્પામાં નવો દ્રાક્ષાસવ ભરતું નથી. ભરે તો નવો આસવ કુપ્પાને ફાડી નાખે અને આસવ પણ ઢોળાઈ જાય, અને કુપ્પા નકામા જાય.પણ નવો આસવ તો નવા કુપ્પામાં ભરવો જોઈએ. '' (લુકઃ૫ઃ૩૬)